શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૦

અંક : ૫

**ખાતર ખરીદી વખતે...**

પાકની પોષક તત્વોની જરૂરીયાત. મિશ્ર ખાતરોની પસંદગી વખતે ભરોસાપાત્ર કંપનીઓના ખાતર ખરીદવા તેના મિશ્રણનો ચાર્ટ જોઈને ખાતરની પસંદગી કરવી. ખારી–ભાસ્મિક જમીનની તાસીર અને ભલામણ થયેલ ખાતરની પસંદગી. પોષક તત્વની એકમ કિંમત જે ખાતરમાં ઓછી હોય, તેવા ખાતરોની પસંદગી. ખાતરની થેલી પરની વિગત જેમકે કંપનીનું નામ, પોષક તત્વોના ટકા, ટેગીંગ અને તારીખ, વજન, કિંમત, લાયસન્સ નંબર ચકાસવા. પૂર્તિ ખાતર પાકને આપવાનું હોય ત્યારે સહેલાઈથી દ્રાવ્ય થતા ખાતરો પસંદ કરવા. ખાતરની ભૌતિક સ્થિતિને તથા જમીનના પ્રકારને આધારે પસંદગી.

**બિયારણ ખરીદતી વખતે.....**

કૃષિ યુનિવર્સિટી અને ખેતીવાડી ખાતાએ ભલામણવાળી સુધારેલ સંકર જાતોનું બીજ હંમેશા ગુજરાત રાજય બીજ નિગમ પાસેથી જ ખરીદવું. બિયારણના પેકીંગ ઉપર બીજ પ્રમાણ એજન્સીનું લેબલ તપાસવુ. શકય હોય ત્યાં સુધી ટ્રુથફુલ બિયારણને બદલે સર્ટીફાઈડ બિયારણ ભરોસો રાખવો, પેકીંગ ઉપર ઉત્પાદક કોણ છે તે તપાસવું કે જેમાં બીજના સ્ફુરણના ટકા દર્શાવેલ હોય તેમજ તે કઈ સાલનું ઉત્પાદન છે તે પણ દર્શાવેલ હોય છે. સુધારેલ જાતોના બીજ ખેડૂત પોતે જ કાળજી રાખીને તૈયાર કરી શકે છે તેથી દર વર્ષે સુધારેલ જાતોનું બિયારણ ખરીદવાની જરૂર રહેતી નથી. સંકર જાતોના બિયારણો દર વર્ષે નવા ખરીદવા પડતા હોય જે તે ખેડૂતે તેમના ખેતર પર વાવવામાં આવેલ આવા સંકર પાકોના બીજનો ઉપયોગ બીજે વર્ષે કરવો હિતાવહ નથી.

**જંતુનાશકો ખરીદતી વખતે....**

જંતુનાશકોના પેકીંગ પર રજીસ્ટ્રેશન, ટેકનીકલ તેમજ વ્યાપરી નામ દર્શાવેલ હોવું જોઈએ. તેમજ દવાની બનાવટમાં સક્રીય તત્વનું પ્રમાણ તેમજ કયા સ્વરૂપ (ઈ.સી., વે.પા., ડસ્ટ, ડબલ્યુ.એસ., ડબલ્યુ.પી., ગ્રેન્યુલ વગેરે)માં છે તે દર્શાવેલ હોવું જોઈએ. તે કઈ કઈ જીવાતોને નિયંત્રણ કરે છે તેની વિગત અને અસરકારતાની માત્રા / જથ્થો તેમજ ઝેરની તીવ્રતા દર્શાવતા રંગ (લીલો/પીળો/લાલ) ત્રિકોણાકાર ભાગમાં દર્શાવેલ હોવો જોઈએ.

**એકની મૂર્ખાઈ બીજાનું નસીબ બને છે.**

**બીટી કપાસમાં આશ્રય વિસ્તારો...**

રોગ પ્રતિકારકતાને બે ઉદાહરણોથી સમજવા પ્રયાસ કરીએ.

કાનજીએ રોજ એક સુગંધી તમાકુ સાથેની ફાકી શરૂ કરી જે થોડા મહિના પછી સુરેશ ૨ થી ૪ ખાઈ શકે તેમ બન્યુ અને તેના શરીરમાં ૪ ફાકી પચાવવાની તાકાત આવી ગઈ છે. સમયાંતરે તેને રોજની ૧૦ થી પણ વધુ ફાકીની લત લાગી જાય તો પણ તે તેને પચાવી શકશે.

રાજાઓ પોતાની નૃત્યાંગનાને રોજ થોડું વિષ આપીને વિષકન્યા બનાવતા એક સમય એવો આવે કે તેને ઝેરની અસર થતી નહી.

કપાસની બોલગાર્ડ ટેકનોલોજી છેલ્લા ૧૦ વર્ષથી આપણે અપનાવી છે. બોલગાર્ડ–I આવતા આપણા ખંભેથી ઈયળ માટેના સ્પ્રે પંપ ઉતરી ગયા. લીલી, કાબરી, ગુલાબી ઈયળો સામે રક્ષણ મેળવ્યું. આ બીયારણ પેકેટમાં નોન બીટી બિયારણનું એક દરેક પેકેટ હોય છે જેને રેફયુઝીયા (આશ્રય વિસ્તારો) કહે છે. બીટી કપાસની ફરતે પાંચ હાર કરવાની છે અથવા તો આપણે ૨૦% છોડ નોન બીટીના વાવવાની ભલામણ છે. જેમ કુદરતે દરેક જીવાત, પશુ, પક્ષી, મનુષ્યને પ્રતિકારકતા કેળવવાની શકિત આપેલ છે તેમ કપાસની જીવાતોને પણ આપેલ છે. એકલો બીટી કપાસ જ કરીશું તો જે ઈયળો સામે આપણે કાબુ મેળવ્યો હતો તેની હવે પછીની પ્રજાતિઓ અથવા વંશ આ બીટી ટોક્ષીન પ્રોટીન ઉપર પ્રતિકારકતા કેળવી છે. કોઈ ઈયળ બચી ગઈ અને તેનું ફૂદું બન્યું તે ફૂદું જો નોન બીટી ખાધેલ ઈયળના ફૂદા સાથે સંવનન કરીને તેની પ્રજાતિ બનશે તો બીટી પ્રોટીન પચાવી શકશે નહિ એટલે કે મરશે પણ જો વર્ષો વર્ષ બીટી ખાધેલી ઈયળો બચી જશે. તો તેના બંનેના સંવનન પછી જે પ્રજાતિ પેદા થશે તે બીટી સામે પ્રતિકારકતા કેળવતી જશે.

ટાર્ગેટ પેસ્ટ ઉપરની અસરકારકતા અને લાંબા ગાળા સુધી ટાર્ગેટ પેસ્ટમાં પ્રતિકારક ક્ષમતા ઉભી ન થાય તેવી આ ટેકનોલોજી છે. આજે અમેરીકા, કેનેડા, ઓસ્ટ્રેલીયાના દેશોમાં રેફયુઝા માટેની ખૂબ જ કડક નીતિ અમલમાં છે. દરેક ખેડૂતો તે ચૂસ્તપણે પાળે છે કારણ કે તેઓ ઈચ્છે છે કે આ ટેકનોલોજી લાંબા સમય સુધી આપણને મદદ કરતી રહે.પરંતુ આ નિયમને આપણે જાણ્યે અજાણે ઘોળીને પી ગયા છીએ. આપણને નોનબીટીમાંથી ઉપજ મળતી નથી. તેથી આપણે આપણા ટુંકા સ્વાર્થ માટે વાવેતર કરતા નથી. આજે ભારતમાં ૭૦ ટકા બોલગાર્ડ–II એટલે કે બે જીન સાથેની ટેકનોલોજીનુ થાય છે. ત્યારે આપણે આ નવી ટેકનોલોજીના લાભો લાંબા સમય સુધી મેળવવા હશે તો આપણે રેફયુઝા વાવવાની જવાબદારી સ્વયં ઉપાડવી પડશે. આજુ બાજુના ખેડૂતોને પણ તેમ કરવા સમજાવવું પડશે.

***સંકલન : નરેન્દ્ર પોંકિયા***

***કરેલો યજ્ઞ, પડેલો વરસાદ અને મેળવેલ વિદ્યા કદી નિષ્ફળ જતાં નથી.***

**ખેત ઉત્પાદક સંગઠનો**
સંસ્થાએ જેને પ્રમોટ કર્યા છે અને ફેસીલેટ કરી રહી છે તેવા ઉત્પાદક સંગઠનોમાં લેપ્રસી કોલોની જુનાગઢની કામગીરીને ગત વર્ષમાં કોઈપણ પ્રકારના સંસ્થાકીય સહયોગની જરૂર પડી નહી સંસ્થાના કાર્યકરોની બે વખતની વીઝીટ દરમ્યાન તેમની ચાલી રહેલી કામગીરીની સફળતાઓ જ વર્ણવી હતી. યુવાનોનું આ ગૃપ સરસ મજાના મંડપ વ્યવસાયમાં જોડાઈને પોતાની આજીવિકા બનાવી છે. તેની સામે ભાવનગર લેપ્રસી કોલોનીમાં બહેનોને તાલીમ આપી શરૂ કરેલ રેડીમેડ ગારમેંટનો વ્યવસાય બંધ થયેલ છે.

મહિલાઓની ઔદ્યોગીક સહકારી મંડળી અને ખેડૂતોના ચાર સંગઠનો પૈકી સોરઠમાં વર્ષ દરમ્યાન બોર્ડના વિવાદો વચ્ચે કામ ચાલતુ રહયુ પણ પ્રગતિ થઈ શકી નહી. ગીર ફાર્મ્સ, જાફરાબાદ એગ્રીકલ્ચર અને અવિરતમાં ટેકાના ભાવે મગફળી ખરીદીના કેન્દ્રો ચાલ્યા હતા. આ પાંચેય સંગઠનોના રીટેલ કાઉન્ટરો ચાલ્યા પણ તેમાં નહિવત નફા સાથે સ્ટોક મેળવણામાં પણ ખુબજ ઘટ જોવા મળી. ઉપરાંત પુરા વર્ષ દરમ્યાન મોટા ભાગના લોકોનો સમય જીએસટીને સમજવામાં ગયો. સારી વાત એ બની કે ટાટા ટ્રસ્ટ તથા સજજતા સંઘના સહયોગથી અવિરત કંપનીએ ફેરટ્રેડનું લાયસન્સ મેળવી આંતરરાષ્ટ્રિય માર્કેટમાં પગ પેસારો કર્યો. આ ઉપરાંત તેમણે એનસીડીએકસ સાથે જોડાણ કર્યુ પણ તેમાં કોઈ કામ થઈ શકયુ નથી. એમસીએકસના સંપર્કમાં તેમની રૂ ની ગાંસડીના વ્યાપારની વાતો ખેડૂતો સાથે રહી સમજવાનો પ્રયત્ન કર્યો પણ તેની સાથે પણ આગળ કામ વધારવામાં કોઈ ઉત્પાદક સંગઠનો સફળ થઈ શકયા નહી. બે કેન્દ્રો પર ચાફ કટર મુકી તેનાથી ઘાસચારાનું કટીંગ કરી પશુપાલકો સાથે કામકાજ ગોઠવવાનો પ્રયાસ થયો પણ આ ચાફ કટરની ક્ષમતા વધારવાની જરૂર જણાતા તે કામ પણ બરાબર થયુ નહી જેને આ વર્ષમાં સરખુ કરી ચાફકટરની ક્ષમતા વધારી સારી રીતે ચલાવવાનું આયોજન વિચારેલ છે.

વર્ષ ૨૦૧૮–૧૯ના આરંભથી થયેલ આયોજન અનુસાર અમરેલી, ખાંભા, ટીંબી, ધોકડવા તથા ચિતલ મુકામે વેચાણ કમ માહિતી કેન્દ્રોએ કામગીરી શરૂ કરી છે. બધા કેન્દ્રો પર ચાફ કટર રાખવાનું આયોજન છે. આ ઉપરાંત આ વર્ષે ગીરફાર્મ્સ, જાફરાબાદ તથા અવિરત કંપનીમાં ફરટ્રેડની કામગીરી કરવા વિચારેલ છે. સોરઠ, જાફરાબાદ તથા ગીરફાર્મ્સમાં ૧૦ લાખનું શેરભંડોળ એકત્ર કરવાનું તથા તેમને ઈકવીટી ગ્રાંટ માટે દરખાસ્ત કરવાનું આ વર્ષમાં અયોજન છે. દરેક કંપનીમાં આ વર્ષે ૩ થી ૧૦ સુધીનો સ્ટાફ કાર્યરત થશે તે પ્રકારે કામકાજોના આયોજન કરેલ છે.

– **ધ્રુવી ભંડેરી**


***ત્યાગથી મનની શાંતી પ્રાપ્ત થાય છે.***

## તાલીમકારોની તાલીમ

૨૦૧૮–૧૯ના વર્ષમાં ખેડૂતો સાથે જે તાલીમો અને મીટીંગો કરવાની છે તેની સક્ષમતા સંસ્થાના કાર્યકરોમાં બને તે હેતુથી આ કાર્યકરો માટે તા. ૧૧ અને ૧૨ દરમ્યાન તાલીમ યોજાઈ. પ્રોડયુસર યુનિટ ૧૪, ૪૫ અને ૪૬ના ૩૨ કાર્યકરો જોડાયા હતા. તાલીમકાર તરીકે શ્રી સમીર પંડિત (પ્રોગ્રામ મેનેજર – ફાર્મ પ્રોજેક્ટ, કોટન કનેકટ) તથા સહ તાલીકારો તરીકે પ્રોજેકટ મેનેજરશ્રીઓ જયેશ જાદવ, અશોક શેલાર તથા નરેન્દ્ર પોંકીયાએ સેવાઓ આપી હતી.

ધીરુભાઈ વાગડીયાએ કાર્યકરોના માસિક પ્રગતિ અહેવાલ અને અઠવાડીક આયોજન અને તેની દેખરેખ તથા કાર્યકરોના કામનુ આકલન કઈ રીતે થશે તે જાણકારી આપી, કોટન સાયકલની વીડીયો કલીપથી સમજ બનાવવાનુ શરુ કર્યુ જેમાં ખેડૂતપોથી ભરવી, જંતુનાશકોના છંટકાવમાં રાખવાની કાળજી, રોગ અને જીવાંતના નિયંત્રણના પગલાઓ તથા જમીન માવજતની બાબતોનો સમાવેશ થતો હતો. ખેડૂતોની ઓળખ, જુથોની રચના, પ્રોડયુસર યુનિટ, સ્થાનિક ભાગીદાર સંસ્થા, અમલીકરણ ભાગીદાર સંસ્થાના પરિચય, બીસીઆઈ સેક્રેટરીયેટ સુધીની સમજ જયેશભાઈ જાદવએ આપી હતી જેમાં બીસીએસએસનો પણ સમાવેશ થયો હતો.

શ્રી અશોક શેલારએ બીસીઆઈના માપદંડ અને સિધ્ધાંતો પર સમજ આપી અને પ્રતિબંધિત દવાઓ



જીવન સંઘર્ષનું બીજું નામ છે.

બાબતે ડબલ્યુએચઓ, રોટારડમ કન્વેન્શન, સ્ટોકહોમ કન્વેન્શનના નિર્ણયની વિગતો તથા ટીડીએસ, પીઆરએ, પીપીઈ, સીએમઆર અને ઉતમ કાર્યની બાબતો તાલીમાર્થીઓને સમજાવી હતી.

કપાસના તંતુઓની ગુણવતા તથા સંગ્રહ અને ગુલાબી ઈયળના નિયંત્રણપર શ્રી નરેન્દ્ર પોંકીયાએ માહિતી આપી હતી.

બેજલાઈન, પીઆરએ, એફએફબી મોનીટરીંગ, લીડ ફાર્મરની સક્રીયતા, એફએફની ભૂમિકા અને જવાબદારીઓ સાથે ટકાઉ ખેતી પધ્ધતિ અપનાવવા ખેડૂતોને પ્રત્સાહન જેવા વિષયો પર શ્રી સમીર પંડિતએ જાણકારી આપી હતી. તેઓએ ઈમ્પ્રુવમેંટ પ્લાન બનાવવા, ખેડૂતોની નિયમિત તાલીમની વ્યવસ્થા, ડેટા મેનેજમેંટ સીસ્ટમ વિકસાવવા, પ્લાંટ પ્રોટેકશન તથા ડીસંટ વર્કની વિગતો સમજાવી હતી.આ ઉપરાંત ડોક્યુમેંટ ઈમ્પ્રુવમેંટ પ્રોસીઝર, ખાતર અને દવાના વિવેકપુર્ણ ઉપયોગ, પશુપાલન, આંતરપાકના ફાયદા, પડકારો અને તેના ઉપાયો, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ અને તેના મેપીંગ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. અંતમાં તાલીમના પ્રતિભાવો મેળવી તાલીમ કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો હતો. તા. ૩૧ મે અને ૧લી જુન દરમ્યાન પ્રોડયુસર યુનિટ ૨૭ના કાર્યકરોની આ તાલીમ થઈ હતી.



## લીંગભેદ અને સંવેદનશીલતા

જેન્ડર પરના કામકાજોની સંસ્થાના કાર્યકરોની સમજને લઈને ઘોડીયાઘર, કુંટુંબ સલાહ કેન્દ્ર, યુવતી વિકાસ કેન્દ્ર, મહિલા અને બાળ સહાયતા કેન્દ્ર તથા મહિલા ન્યાય સમિતીના માળખાઓ મારફતે કાર્યવિસ્તારના બાળકો, યુવતીઓ તથા મહિલાઓના પ્રશ્નો પર જરૂરી ફેસીલીટેશન અને પરામર્શનું કામ થયું. ઘોડીયાઘર, કુંટુંબ સલાહ કેન્દ્ર અને યુવતી વિકાસ કેન્દ્ર સરકારશ્રીના કાર્યક્રમોના અમલીકરણમાં જોડાવાનો મોકો મળ્યો હતો. અનુભવના આધારે સરકારશ્રીની મદદ વિના સ્ત્રી હિંસા વિરોધી ઝુંબેશના ભાગરૂપે મહિલા પોલીસ સ્ટેશનમાં મહિલા અને બાળ સહાયતા કેન્દ્ર તથા ખાંભા મુકામે મહિલા ન્યાય સમિતીની રચના થઈ હતી. સમય જતા મહિલા અને બાળ સહાયતા કેન્દ્રોનો સમાવેશ સરકારશ્રીના કાર્યક્રમોમાં થતા હાલ આવા કેન્દ્રો ગુજરાતભરના મહિલા પોલીસ સ્ટેશનોમાં ચાલી રહયા છે. જયારે આર્થિક મુશ્કેલીઓ તેમજ મહિલા ન્યાય સમિતીના સભ્યો અને સંસ્થાના કાર્યકરોના સંકલનના અભાવે મહિલા ન્યાય સમિતીનું કાર્ય નબળુ પડયુ અને બંધ પણ થઈ ગયુ. મુકતાબેન, લીલીબેન, દયાબેન અને બીજા દયાબેન એમ ચાર બહેનોએ તેમની અગાઉની સમજના આધારે એપ્રિલ ૨૦૧૮થી આ કામને ફરી શરૂ કરી શકાયુ છે. જેનું સંકલન શ્રી નેહલબેન તરસરીયા કરી રહયા છે. તેઓની મહિલા અધિકાર પરની તાલીમ તા. ૧૮ તથા ૧૯ ના રોજ ન્યાયિકા મારફતે કરવામાં આવી હતી. આ તાલીમથી તેમજ સંસ્થાની ટીમના સહયોગથી ફરી ન્યાય સમિતીને પોતાના મુળ




**પાપ કદી માનવીને ચેનથી સુવા દેતુ નથી.**

સ્વરૂપે કામ કરવાની તક સાંપડી છે જેનો લાભ આ વિસ્તારની સમસ્યાગ્રસ્ત બહેનો મળી રહેશે તેવી આશા છે.

અમેરીકન ઈન્ડીયા ફાઉન્ડેશન દ્વારા શીલ્પાબેન વસાવડાના વડપણ હેઠળ સંસ્થાના કાર્યકરોની જેન્ડર પરસ્પેકટીવ તાલીમ (ટીઓટી) ૨૫ થી ૨૮ જુલાઈ દરમ્યાન થઈ. તેના પર એકશન પ્લાન પણ થયો. કાર્યકરોએ પોતાના વિસ્તારમાં લક્ષિત સમૂહની તાલીમ કરી તેમજ પોતાની જેન્ડર પર બનેલી કુશળતાઓનો ઉપયોગ પોતાના પરિવાર અને આસપાસના પરિવારો / મિત્રોમાં કર્યો. ‘‘દીકરા અને દીકરીઓની દિનચર્યાના કાર્યમાં દેખાઈ આવતો ભેદભાવ’’ પર નાટક તૈયાર કરી રાષ્ટ્રિય પર્વ ૧૫ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ લેમ્પ સાથે જોડાયેલી તમામ શાળાના બાળકોએ પોતાના ગામોમાં જેન્ડરબેઈઝ દીનચર્યામાં ભેદભાવની બાબતો અને તેનાથી થતી અસરો લોકો સમક્ષ મુકી હતી. શાળાના બાળકોએ પ્રતિજ્ઞા કરી કે હુ બહેનને તેના દરેક કાર્યમાં મદદ કરીશ જેથી તે પણ ભણી શકે, રમી પણ શકે. આ જાહેર કાર્યક્રમમાં ઉપસ્થિત માતા પિતાએ જણાવ્યુ કે ભલે અમારી દિકરીઓ લગ્ન પછી જતી રહે પણ જયાં જશે ત્યાં પોતાના ઘડતરને લઈને પોતાના પ્રશ્નો આસાનીથી હલ કરી શકે તે માટે અમે તેને શાળા કોલેજ જતા રોકીશું નહી.

સંસ્થાની ઓફીસ તથા દરેક પ્રોજેકટ ટીમમાં બહેનોની હાજરી તથા જાહેર કાર્યક્રમોમાં પણ બહેનોની સામેલગીરી ભેદભાવ ઓછા થવાની દિશામાં એક પગલુ છે.



**અસત્ય વિજયી નીવડે તો પણ તે વિજય અલ્પજીવી હોય છે.**

**Happy Birthday**

| | |
|---|---|
| Manjuben Makvana | 01.06.1973 |
| Muljibha Bagada | 01.06.1969 |
| Suresh Gohil | 01.06.1962 |
| Dhirubhai Solanki | 01.06.1980 |
| Alpesh Kotadiya | 01.06.1994 |
| Khatubhai sarvaiya | 01.06.1981 |
| Govind Bambhaniya | 01.06.1995 |
| Jayesh Dhavar | 01.06.1996 |
| Bharat Shingad | 01.06.1993 |
| Balubhai Nagar | 01.06.1991 |
| Ashok Shelar | 05.06.1975 |
| Prof. J M Talaviya | 06.06.1970 |
| Dolubhai Gohil | 06.06.1978 |
| Mayur karena | 11.06.1997 |
| Yogesh Solanki | 20.06.1997 |
| Raviraj Gohil | 24.06.1999 |

**In this month**

| | |
|---|---|
| 2 | Global action week for education culmination event, New Delhi. |
| 11-12 | BCI programmatic TOT INGJ 14, 45 and 46 |
| 17 | Talk with Hitanshi about teach for India incubation program. |
| 21 | Call to discuss ProEngage 8 partner expectations. |
| 21 | Participate for meeting on study of drinking water situation in Gujarat. |
| 25 | Meeting with childline. |
| 25 | BCI agronomic TOT INGJ 14, 45 and 46 |
| 31-1 | BCI programmatic & agronomic TOT INGJ 27 |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સારા વિચાર માનવીને સજ્જન બનાવે છે.**